GJMR020063682023	દાખલ તારીખ	:-	૨૪/૦૭/૨૦૨૩		
	નોંધ્યા તારીખ	:-	૨૪/૦૭/૨૦૨૩		
	ફેંસલ તારીખ	:-	૦૬/૦૮/૨૦૨૬		
	સમયગાળો	:-	વર્ષ	મહિના	દિવસ
			૦૩	૦૦	૧૨

મોરબીના મહે. બીજા એડીશ્નલ જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં.મુ.મોરબી.

CNR NO.GJMR020063682023

સમક્ષ–એસ.એ.મેમણ

–: ફોર્મ–એ :–

ફોજદારી કેસ નંબરઃ–૫૪૫૧/૨૦૨૩
આંકઃ–૭૫

ફરીયાદી :– મહેશભાઇ કાનાભાઇ ડાંગર,
ઉ.વ.આ. ૫૩, ધંધો.વેપાર,
રહે.આનંદ નગર, પાપાજી ફર્ન વર્લ્ડની પાછળ,
મોરબી–નવલખી હાઇવે, તા.જી.મોરબી.

–::વિરૂધ્ધ::–

આરોપી :– પાર્થ જનકભાઇ ચૌહાણ,
ઉ.વ.આ. ૨૪, ધંધો.વેપાર,
રહે. મોચી શેરી, તા.જી.મોરબી

બાબત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળની ફરીયાદ

ફરિયાદી તરફે :– વિ.વ.શ્રી એ.વી.બદમલીયા

આરોપી તરફે :– વિ.વ.શ્રી એમ.જે.સોઢા

–: ફોર્મ–બી :–

ફરિયાદ આપ્યાની તારીખ	૨૪/૦૭/૨૦૨૩
ફરિયાદ રજિસ્ટર્ડ કર્યાની તારીખ	૨૪/૦૭/૨૦૨૩
પ્લી લીધાની તારીખ	૧૦/૦૯/૨૦૨૪
પુરાવો શરૂ કર્યાની તારીખ	૧૦/૦૯/૨૦૨૪
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	૨૮/૦૭/૨૦૨૬
ચુકાદો જાહેર કર્યાની તારીખ	૨૮/૦૭/૨૦૨૬
જો સજા કરેલી હોય તો તે તારીખ	૦૬/૦૮/૨૦૨૬

આરોપીઓ નં.	આરોપીઓનું નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડયા તારીખ	ગુન્હો	તકસીરવાન /નિર્દોષ	સજા	સી.આર. પી.સી.ની કલમ: ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય
૧	પાર્થ જનકભાઇ ચૌહાણ	–	–	ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબ	નિર્દોષ	–	

<u>–: ફોર્મ–સી :–</u>

<u>ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લિસ્ટ :–</u>

<u>એ./ ફરિયાદ પક્ષે સાહેદ લિસ્ટ :–</u>

ક્રમ	મૌખિક પુરાવાની વિગત	આંક
૧	ફરીયાદી મહેશભાઇ કાનાભાઇ ડાંગરનું સરતપાસનું સોગંદનામુ	૦૪
૨	સાહેદ અનીલ હસમુખભાઇ ધામેચાની જુબાની	૪૦

<u>ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક :–</u>

<u>એ./ ફરિયાદ પક્ષે દસ્તાવેજી લિસ્ટ :–</u>

ક્રમ	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક
૧	પ્રોમીસરી નોટ	૧૦
૨	તકરારી ચેક	૧૧
૩	રીર્ટન મેમો	૧૨
૪	ડીમાન્ડ નોટીસ	૧૩
૫	રજી.એડી.ની પહોંચ	૧૪
૬	એકનોલેજમેન્ટ સ્લીપ	૧૫
૭	ટ્રેક રીપોર્ટ	૧૬
૮	આઇ.ટી.રીર્ટન ૨૦૨૩–૨૪	૩૧
૯	રાજકોટ નાગરીક સહકારી બેંકનું સ્ટેટમેન્ટ	૩૨
૧૦	ફેડ બેંક સ્ટેટમેન્ટ	૩૩
૧૧	હોમફર્સ્ટ લોન સ્ટેટમેન્ટ	૩૪
૧૨	એકનોલેજમેન્ટ સીટ વર્ષ ૨૦૨૨–૨૩	૩૫
૧૩	નોટરી રજી.ની નકલ	૪૧

<u>બી./ બચાવ પક્ષે દસ્તાવેજી લિસ્ટ :–</u>

ક્રમ	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક
૧	ફો.કે.નં.૪૫૮૨/૨૦૧૫ થી રૂા.૧,૪૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ તથા આંક–૧ નો હુકમ તથા વીડ્રો પુરશીસ ની ખરી નકલ	૫૦
૨	ફો.કે.નં.૩૨૬૧/૨૦૧૭ થી રૂા.૨,૩૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ તથા વેરીફીકેશન સોગંદનામુ તથા આંક–૧ ના હુકમ ની ખરી નકલ	૫૧
૩	ફો.કે.નં.૮૦૩૩/૨૦૨૧ થી રૂા.૧,૫૦,૦૦૦/– દાખલ	૫૨

	કરેલ આંક–૧ તથા વેરીફીકેશન સોગંદનામુ તથા આંક–૧ લગત હુકમ ની ખરી નકલ	
૪	ફો.કે.નં.૫૪૪/૨૦૨૨ થી રૂા.૭,૦૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ ની ખરી નકલ	૫૩
૫	ફો.કે.નં.૪૯૬/૨૦૨૨ થી રૂા.૫,૦૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ ની ખરી નકલ	૫૪
૬	ફો.કે.નં.૬૫૨૭/૨૦૨૩ થી રૂા.૪,૦૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ ની ખરી નકલ	૫૫
૭	ફો.કે.નં.૩૫૯/૨૦૨૪ થી રૂા.૧,૬૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ ની ખરી નકલ	૫૬
૮	ફો.કે.નં.૩૮૯/૨૦૨૪ થી રૂા.૧,૫૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ ની ખરી નકલ	૫૭
૯	ફો.કે.નં.૪૭૫/૨૦૨૪ થી રૂા.૨,૮૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ ની ખરી નકલ	૫૮
૧૦	ફો.કે.નં.૪૭૯/૨૦૨૪ થી રૂા.૩,૦૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ ની ખરી નકલ	૫૯
૧૧	ફો.કે.નં.૫૮૮/૨૦૨૫ થી રૂા.૧,૮૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ ની ખરી નકલ	૬૦
૧૨	ફો.કે.નં.૭૪૭/૨૦૨૫ થી રૂા.૩,૦૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ ની ખરી નકલ	૬૧
૧૩	ફો.કે.નં.૧૨૯૩/૨૦૨૫ થી રૂા.૨,૦૦,૦૦૦/– દાખલ કરેલ આંક–૧ ની ખરી નકલ	૬૨
૧૪	આરોપીએ ફરીયાદી વિરુધ્ધ વ્યાજ વટાઉની કરેલ અરજીની ખરી નકલ મેળવવા માટે કરેલ આર.ટી.આઇ.ની અરજી	૬૩

તારીખ :– ૦૬/૦૮/૨૦૨૬ **(શબાનાબાનુ અબ્દુલરઝાક મેમણ)**

સ્થળ :– મોરબી બીજા એડિશનલ સિવિલ જજ અને

જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,મોરબી.

(U.I.C.NO. GJ01567)

–:: ઠરાવ ::–

૧. ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓ અને આરોપી મીત્રો છે. આ કામના આરોપીને નાણાંકીય જરુરીયાત ઉભી થતા તેઓ પાસે માંગણી કરતા તેઓએ તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ રૂા.૨,૦૦,૦૦૦/– હાથ ઉછીના વગર વ્યાજે આપેલ હતા અને તે રકમ આરોપી તા.૩૧/૧૦/૨૦૨૨ ના રોજ ચુકવી આપશે તે બાબતનુ નોટરી રુબરુ તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ લખાણ કરેલ હતુ. જે તેઓએ પરત માંગતા નીચે મુજબનો ચેક આપેલ હતો બેંક: ફેડરલ બેંક મોરબી શાખાનો ચેક નં.: ૦૦૬૬૯૨ તારીખ: ૨૫/૦૩/૨૦૨૩ રકમ: રૂ.૨,૦૦,૦૦૦/– નો ચેક આપી આરોપીએ ખાતરી આપી હતી કે ચેક રજૂ કરતાં રકમ પ્રાપ્ત થશે. ફરીયાદીએ ચેક પોતાની બેંકમાં જમા કરાવ્યો હતો. પરંતુ તે ચેક તા. ૨૪/૦૫/૨૦૨૩ ના રોજ "FUND INSUFFICIENT " ના શેરા સાથે પરત ફરેલ હતો. તેની સાથે બેંક દ્વારા રીર્ટન મેમો આપવામાં આવ્યો હતો. ચેક બાઉન્સ થતાં ફરીયાદીએ તારીખ ૧૯/૦૬/૨૦૨૩ ના રોજ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુ મેન્ટ્સ એક્ટ, 1881 મુજબ આરોપીને રજી. એ.ડી. દ્વારા નોટિસ મોકલી હતી. આ નોટિસ આરોપીને મળી ગયેલ હોય અને આરોપીને ચેક રીર્ટનની જાણ હોવા છતાં આરોપીએ આજદિન સુધી બાકી રકમ ચૂકવી નથી.જેના કારણે ફરીયાદ કરવાની ફરજ પડી છે.

ફરીયાદ દાખલ થયા બાદની કાર્યરીતિ

૨. ત્યારબાદ સદર ફરીયાદ કોર્ટે દાખલ કરી આ કામના આરોપીને નેગોસીયેબલ ઈન્સ્ટ.એકટની કલમ ૧૩૮ અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરતા આ કામના આરોપી હાજર થઈ અને તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે ફરીયાદ તથા તે લગતના કાગળોની કોપી આપેલ અને તેઓએ ફરીયાદમાં ઉલ્લેખ કરેલ ગુનાનો ઈન્કાર કરતા આંક–૯ થી તેમનો જવાબ નોંધેલ છે.

<u>ફરીયાદી તથા બચાવ પક્ષે રજૂ કરેલ દસ્તાવેજો</u>

૩. ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફોર્મ સી મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે પુરાવો બંધ થયાની આંક– ૪૨ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે. ત્યારબાદ બચાવ પક્ષે પુરાવો બંધ થયાની આંક–૬૪ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે.

<u>ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ તથા બી.એન.એસ.એસની કલમ–૩૫૧ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન</u>

૪. આ કામના આરોપીનુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૧ અન્વયેનું વિગતવારનુ ફરધર સ્ટેટમેન્ટ નોંધવામાં આવેલ છે.જેમાં તેઓએ બચાવ લીધેલ છે કે, ફરીયાદી વ્યાજનો ધંધો કરે છે અને તેઓ પાસેથી વધુ રકમ પડાવવા સદરહુ કેસ કરેલ છે.

૫. પક્ષકારો તરફે દલીલો

૫.૧ <u>ફરીયાદ પક્ષ તરફે દલીલો</u>

ત્યાર બાદ ફરિયાદી તરફે મૌખિક દલીલ જણાવેલ છે કે, ફરીયાદી દ્રારા નેગો. ઇન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ ની તમામ શરતોનું પાલન કરવામાં આવેલ છે આ કામે ફરીયાદી આરોપીને નાણાં આપવા માટે સક્ષમ હતા તે દર્શાવવા માટે તેઓએ આંક–૩૨ થી ૩૪ ના ઉતારા તેમજ ફરીયાદીએ લીધેલ હોમ લોનનું અકાઉન્ટ સ્ટેટમેન્ટ રજુ કરેલ છે તેનાથી સાબિત થાય છે કે આ કામના ફરીયાદી નાણાંકીય સધ્ધરતા ધરાવતા હતા. આ કામના ફરીયાદીએ નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ નું ઈન્કમ ટેકસ રીર્ટન રજૂ કરેલ છે તે તેમની નાણાંકીય સધ્ધરતા દર્શાવે છે તેમજ આ કામના આરોપીએ ફરીયાદી વિરુધ્ધ કોઇ બોગસ લખાણની ફરીયાદી કરેલ નથી. વધુમાં જણાવે છે કે હાલની ફરીયાદ દાખલ થયા બાદ આ કામના આરોપીએ

પુરાવો ઉભો કરવા માટે ફરીયાદી વિરુધ્ધ પોલીસમાં અરજી કરેલ પરંતુ તે અરજીના કામે પોલીસ દ્વારા કોઈ પગલા લેવામાં આવેલ ન હતા. આ કામના ફરીયાદી કુલોનો હોલસેલ તથા છુટક વેપાર કરે છે અને તે ધંધાના કોઈ હિસાબો રાખતા નથી જેથી આ કામે ફરીયાદીએ ધંધાના કોઈ પુરાવા રજૂ કરેલ નથી આ કામના ફરીયાદી કોઈ વ્યાજ વટાવનો ધંધો કરતા નથી હાલના કામે આરોપી તરફે ફરીયાદી દ્વારા આ જ કાયદા હેઠળ અન્ય ઈસમો વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ ફરીયાદો રજૂ કરવામાં આવેલ છે પરંતુ તે ફરીયાદોના આધારે કહી શકાય નહી કે આ કામના ફરીયાદી વ્યાજ વટાવનો ધંધો કરે છે જેથી ઉપરોકત દલીલોને ધ્યાને રાખી આ કામના આરોપીને સજા કરવા તથા ફરીયાદીને વળતર અપાવવવા વિનંતી ગુજારેલ છે.

૫.૨ <u>બચાવ પક્ષ તરફે દલીલો</u>

આરોપી તરફે આંક–૭૦ થી લેખિત દલીલો રજૂ કરવામાં આવેલ છે જે દલીલો વંચાણે લેવામાં આવે તો જણાઈ આવે છે કે બચાવ પક્ષે જણાવેલ છે કે આરોપીએ આ કામના ફરીયાદી પાસેથી કોઈ રકમ લીધેલ નથી. તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ રૂા.૧ લાખ ૧૦% વ્યાજે લીધેલ હતા અને તે દરમ્યાન આ કામના ફરીયાદીએ ૨(બે) કોરા ચેક સહી કરી સિકયોરીટી પેટે આપેલ હતા અને તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ નોટરી રુબરુ આરોપીની કરારમાં સહી કરાવેલ હતી અને તેમાં કેટલા રૂપીયાનું લખાણ કરવામાં આવેલ છે તેની જાણ આરોપીને કરવામાં આવેલ ન હતી. આ કામના આરોપીએ ફરીયાદીને ૩ માસ સુધી રૂા.૨૦ હજાર લેખે રૂા.૬૦ હજાર ચુકવેલ હતા અને ત્યારબાદ આરોપી વ્યાજની રકમ ચુકવી ન શકતા આ કામના ફરીયાદી આરોપીને હેરાન પરેશાન કરતા આરોપીએ ફરીયાદી વિરુધ્ધ પોલીસમાં અરજી પણ આપેલ પરંતુ અરજી ની નકલ તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ આર.ટી.આઈ.થી માંગતા આર.ટી.આઈ. અરજીનો કોઈ પોલીસે આપેલ નથી કે કોઈ નકલ પુરી પાડેલ નથી જેથી હાલના કામે પોલીસ ફરીયાદીની કોઈ નકલો રજૂ કરવામાં આવેલ નથી.

આ કામે આરોપી આંક–૬૩ થી આર.ટી.આઇ.ની અરજી રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે આ કામના આરોપીએ તેઓની સામે વ્યાજ વટાવની ફરીયાદ કરેલ હતી. વધુમાં આ કામના આરોપી દ્રારા હાલના કામે જે ઉલટતપાસ લેવામાં આવેલ છે તે પાોતાની દલીલમાં રીફર કરેલ હોવાથી વધુ દલીલો લખવામાં આવેલ નથી. વધુમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી આરોપી પાસે રુબરુ કઇ તારીખ તથા કઇ જગ્યાએ અને કોની સાક્ષીમાં ચેક લેવા આવેલ હતા તેવી કોઇ હકીકત જણાવેલ નથી જેથી કહી શકાય કે આ કામના આરોપીનો સિકયોરીટી પેટેનો ચેક પહેલાથી પડેલ હતો જેનો દુરુપયોગ ફરીયાદીએ કરેલ છે. વધુમાં પોતાની દલીલોમાં જણપાવેલ છે કે આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ સિવાય અન્ય ઇસમો વિરુધ્ધ કુલ ૧૩ ફરીયાદો મોરબી કોર્ટમાં કરેલ છે અને તે તમામ ફરીયાદોની રકમ જોવામાં આવે તો કુલ રૂા.૩૧,૭૦,૦૦૦/– જેટલી રકમ થાય છે અને આ હકીકતનો ફરીયાદીએ પણ પોતાની ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે અને આટલી મોટી રકમ ફરીયાદી પાસે કયાંથી આવી તે અંગેના કોઇ દસ્તાવેજો રજૂ રાખેલ નથી જેથી સાબિત થાય છે કે ફરીયાદી વ્યાજનો ધંધો કરતા હોવાથી આટલા મોટા પ્રમાણમાં ફરીયાદો દાખલ કરવામાં આવેલ છે અને પોતાની વ્યાજની વસુલી માટે કાયદાનો દુરુપયોગ કરી રહેલ છે. વધુમાં દલીલો કરી જણાવેલ છે કે આ કામના આરોપી દ્રારા પોતાના ઇન્કમ ટેકસ રીર્ટન સાથે જે સરવૈયુ રજૂ કરેલ છે તે સહી સિકકા વગરનુ છે તેથી કોઇપણ વ્યક્તિ કોમ્પ્યુટરમાં બનાવી શકે તેમ છે. વધુમાં જણાવેલ છે કે આ કામના તકરારી ચેકમાં સહી તથા બોડી રાઇટીંગ અલગ અલગ પડે છે. આ કામે ફરીયાદી તરફે આંક–૩૩ થી ગોલ્ડ લોનના અકાઉન્ટ સ્ટેટમેન્ટ અને આંક–૩૪ થી હોમ લોનનું અકાઉન્ટ સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે જે જોતા કહી શકાય કે આ કામના ફરીયાદી નાણાંકીય સધ્ધરતા ધરાવતા ન હોવાથી ગોલ્ડ લેવાની જરુર પડેલ છે અને કહી શકાય કે જયારે ફરીયાદી પોતે જ લોન લેતા હોય તો આરોપી કે અન્ય વ્યક્તિઓને

લોન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

[A] Hon'ble Supreme Court of India THE CORRESPONDENCE RBANMS EDUCATIONAL.. V B GUNASHEKAR Civil appeal no.5200 of 2025 ON 16 APRIL, 2025.

[B] John K. Abraham v. Simon C. Abraham & ANR. CRIMINAL APPEAL ON 30 JULY 2022.

[C] Hon'ble Supreme Court of India BASALINGAPPA VS. MUDIBASSAPA, AIR 2019 SC1983

[D] Hon'ble Supreme Court of India KRISHNA JANARDHANBHAT VS. DATTATRAYA G. HEGDE, (2008) 4 SCC

[E] Hon'ble Supreme Court of India M.S. NARAYANA MENON@ MANI VS. STATE OF KERALA & OTHERS. AIR 2006 SC 3366,

[F] Hon'ble High Court of Judicature at Bombay M/S PINAK BHARAT AND COMPANY VS. SHRI ANIL RAMRAO NAIK,Criminal appeal no. 1630/2011,

[G] Hon'ble Supreme Court of India RAJARAM S/O SRIRAMULU NAIDU V/S MARUTHACHALAM, Criminal Appeal no. 1978 of 2013,

[H] GURUDEVAN ENTERPRISES, REPRESENTED BY MANAGING PARTNER, PALAKKAD V/S T.K. BALAKRISHNAN & ANOTHER. criminal appeal no. 102 of 2011 in Criminal Leave petition no. 1207 of 2010 Kerala High Court

[I] Hon'ble Supreme Court of India K. SUBRAMANI VS. K. DAMODARANAIDU. CRIMINAL APPEAL NO.-2402/2014.

૬. આ અંગે કેસ નું રેકર્ડ તથા પડેલ પુરાવો ધ્યાને લેતા નીચેના મુદા ઉપસ્થીત થાય છે.

–:: મુદ્દા ::–

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ ૧૩૮ મુજબનો સજા તથા દંડને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

::૧:: નકારમાં

::૨:: આખરી હુકમ મુજબ

-:: નિર્ણયના કારણો ::-

મુદા નં. ૧ ની ચર્ચા ::

૮. ઉપરોકત મુદા નંબર ૧ ના નિર્ણયો માટેના મારા કારણો ની ચર્ચા નીચે મુજબ કરવામા આવેલ છે:–

હાલના કેસમાં મુદ્દાના નિર્ણય કરતાં પહેલાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબની ધારણા ધ્યાને લેવી જરૂરી છે.

Section:-118 Presumptions as to negotiable instruments.

Until the contrary is proved, the following presumptions shall be made:-

(a) of consideration that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) as to date that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance that every accepted bill of accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer that every transfer of a negotiable instrument was made before its maturity;

આમ, વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮ ધ્યાને લેતાં જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી વટાઉ ખતના અવેજ વિશે, તારીખ વિશે, સ્વીકારવાના સમય વિશે, તબદલીના સમય વિશે. શેરાઓના ક્રમ વિશે, સ્ટેમ્પ વિશે અને ધારક યથાકમ ધારક છે એમ માની લેવા વિશે માની લેવામાં આવશે આમ, કલમ–૧૧૮ ધ્યાને લેતાં કલમ–૧૧૮ માં જણાવેલ અનુમાનો ખંડનાત્મક અનુમાન છે અને તેનું ખંડન કરવાની જવાબદારી વટાઉ ખત લખી આપનાર ઉપર છે.

Section:-139. Presumption in favour of holder. It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

આમ, વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૯ ધ્યાને લેતા જયાં સુધી વિરૂધ્ધનું સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના

ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે. આમ, કલમ–૧૩૯ મુજબ ફરીયાદવાળો ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આરોપીને આપેલ નથી તે હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર છે.

ઉપર ચર્ચા કરી તે મુજબ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ બંને અનુમાનોની ધારણા કરવાની હોય છે. પરંતુ, ઉપરોકત ધારણાઓનું ખંડન આરોપીઓ કરી શકે છે. આમ, આરોપી પોતાનો બચાવ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબેલીટીથી પુરવાર કરી શકે. આરોપીઓ તરફે તે અનુમાનોનું ખંડન થયેથી ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવો જોઈએ.

૯. હાલના કામે બચાવ પક્ષને ચેકમાં સહી બાબતે તકરાર નથી. બચાવ પક્ષે નીચે મુજબની તકરાર લીધેલ છે કે,

૧. આ કામના ફરીયાદી કાયદેસરના નાણાંનો સ્ત્રોત ધરાવતા નથી જેથી આરોપી વિરુધ્ધ તકરારી ચેકના નાણાં અંગે જે ફરીયાદ કરેલ છે તે ટકવા પાત્ર નથી.

૯.૧ આમ, ઉપરોકત મુજબની તકરારો આરોપી તરફે લેવામાં આવેલ છે જે અંગે ફરિયાદ પક્ષ તરફે રજૂ કરેલ પુરાવાઓ તથા આરોપી દ્વારા કરવામાં આવેલ ફરિયાદીની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો હાલના કામે આરોપી દ્વારા તકરાર લેવામાં આવેલ છે કે, આ કામના ફરીયાદી કાયદેસરના નાણાંનો સ્ત્રોત ધરાવતા નથી. આ તકરાર અંગે ફરીયાદીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો જણાય આવે છે કે ફરીયાદી ફુલ ડેકોરશનનો અને જમીન લે વેચનો ધંધો કરતા હોવાની હકીકત તથા ફરીયાદી જે ધંધો કરે છે તે દર્શાવવા માટે આ કામે કોઇ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ નથી. વધુમાં આ કામે બચાવ પક્ષના કહેવાથી ફરીયાદી દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ તથા ૨૦૨૩-૨૪ ના ઈન્કમ ટેકસ રીર્ટન રજૂ

કરેલા છે. આ કામે બચાવ પક્ષે ફરીયાદીની આવક જાવક બાબતેના કે ફરીયાદીના વાર્ષિક ખર્ચ કે આર્થિક સધ્ધરતાને લગતા કોઈ સવાલ પુછેલ નથી કે કોઇ પુરાવા રજૂ કરેલ નથી. આ કામના ફરીયાદીએ આંક-૩૧ થી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ઇન્કમ ટેકસ રીર્ટનની અકનોલેજમેન્ટ રજૂ કરેલ છે જે વંચાણે લેતાં જણાઇ આવે છે કે તે નાણાંકીય વર્ષમાં ફરીયાદીની કુલ આવક રૂા.૪,૭૨,૪૯૦/- હતી. ફરીયાદીએ આંક ૩૫ થી નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના ઇન્કમ ટેકસ રીર્ટનની અકનોલેજમેન્ટ રજૂ કરેલ છે જે વંચાણે લેતાં જણાઇ આવે છે કે તે નાણાંકીય વર્ષમાં ફરીયાદીની કુલ આવક રૂા.૪,૩૯,૫૬૦/- હતી. આ બંને એકનોલેજમેન્ટ સ્લીપ ધ્યાને લેતા તથા ફરીયાદી સાથેનો વ્યવહાર તા.૨૯/૦૪/૨૦૨૩ ના વર્ષનો હોવાથી બંને એકનોલેજમેન્ટ સ્લીપ જોતાં ફરીયાદીની બંને નાણાંકીય વર્ષોમાં આવક ૪ લાખ ઉપરાંત હતી તેમજ ફરીયાદી દ્વારા આંક-૩૨ થી પોતાના ખાતાનો તા.૦૧/૦૪૦/૨૦૨૪ થી તા.૩૧/૦૫/૨૦૨૫ નો રજૂ કરેલ છે જે આરોપી સાથેના વ્યવહાર બાદનો છે જેથી આરોપીએ જે તકરાર લીધેલ છે તે તકરાર સંદર્ભે આંક-૩૨ વાળો પુરાવો ફરીયાદીને મદદરૂપ થાય તેમ નથી. વધુમાં આ કામે ફરીયાદી દ્વારા આંક-૩૩ થી પોતે લીધેલ ગોલ્ડ લોનના ખાતાનો ઉતારો રજૂ કરેલ છે જે જોવામાં આવે તો ફરીયાદી દ્વારા સને -૨૦૨૫ માં રૂા.૪,૫૦,૦૦૦/- અને સને ૨૦૨૪ માં રૂા.૬,૧૦,૦૦૦/- ની ગોલ્ડ લોન લીધેલ હોવાનું જણાઇ આવે છે અને સને ૨૦૨૫ માં ફરીયાદી દ્વારા બીજી રૂા.૬,૦૦,૭૫૦/- ની ગોલ્ડ લીધેલ હોવાનું જણાઇ આવે છે આંક-૩૪ થી આ કામના ફરીયાદીએ લીધેલ હોમ લોનના ખાતાનો ઉતારો રજૂ કરેલ છે જે આ કામના ફરીયાદીએ તા.૦૩/૦૨/૨૦૨૧ ના રોજ રૂા.૧૬,૦૦,૦૦૦/- ની લીધેલ હોવાનું જણાઇ આવે છે. આમ, આ કામના ફરીયાદી દ્વારા સને ૨૦૨૧ માં રૂા.૧૬,૦૦,૦૦૦/- ની હોમ લોન તથા સને ૨૦૨૪-૨૫ માં ગોલ્ડ લોન લીધેલ હોવાનું જણાઇ આવે છે જે દર્શાવે છે કે આ કામના ફરીયાદીને સને ૨૦૨૧ માં નાણાંકીય જરુરીયાત હોવાથી હોમ લોન લીધેલ છે અને ત્યારબાદ પણ સને ૨૦૨૪-૨૫ માં

જુદી જુદી રકમોની ગોલ્ડ લોન લીધેલ છે વધુમાં આ કામે ફરીયાદી દ્વારા જે ખાતાના ઉતારા રજૂ કરવામાં આવેલ છે તે ખાતામાં આરોપી સાથે થયેલ વ્યવહારના સમયગાળામાં તકરારી ચેક મુજબની રકમ હતી કે કેમ તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. વધુમાં આ કામના ફરીયાદીએ પોતાના ધંધા વ્યવસાય, બચત કે અન્ય કોઈ આવકના સ્ત્રોતના પુરાવા પણ રજૂ કરેલ નથી. આ કામના આરોપી દ્વારા ફરીયાદીના ઈન્કમ ટેકસ રીર્ટન રજૂ થતાં ફરીયાદી નાણાંકીય સધ્ધરતા ધરાવતા ન હોવાની તકરાર લીધેલ છે. આ કામે ફરીયાદી દ્વારા પોતાના ઈન્કમ ટેકસના જે દસ્તાવેજો આંક-૩૧ તથા ૩૫ થી રજૂ કરેલ છે જોતા જણાઇ આવે છે કે ફરીયાદી મર્યાદિત આવક ધરાવતા હતા અને આ સમયગાળામાં ફરીયાદીએ ૪ લાખની આવક માંથી રૂા.૨,૦૦,૦૦૦/- આરોપીને આપુેલ હોવાની હકીકત જણાવે છે જે શંકા ઉપજાવે છે કે ખરેખર ફરીયાદી કાયદેસરના નાણાંનો સ્ત્રોત ધરાવતા હતા કે કારણ કે આ કામે આરોપી દ્વારા આંક-૫૦ થી ૬૨ સુધી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે જે જોતા જણાઇ આવે છે કે આ કામના ફરીયાદીએ હાલના આરોપી સિવાય અન્ય જુદા જુદા ઈસમો પર ૧૩ જુદી જુદી આ જ કાયદા હેઠળની ફરીયાદો દાખલ કરેલ છે જે તમામ ધ્યાને લીધા સિવાય માત્ર સને ૨૦૨૧ થી સને ૨૦૨૩ સુધીની ફરીયાદો ધ્યાને લેતાં જણાઈ આવે છે કે આ કામના ફરીયાદીએ તા.૧૦/૦૩/૨૦૨૧ ના રોજ રૂા.૧૧,૦૦,૦૦૦/- હિતેનભાઇ દિનેશભાઈ ઠોરીયાનાઓને સંબંધના દાવે વગર વ્યાજે આપેલા અને આ જ વ્યકિતને તા.૧૧/૦૪/૨૦૨૧ ના રોજ રૂા.૧,૦૦,૦૦૦/- ફરીથી આપતા કુલ રૂા.૧૨,૦૦,૦૦૦/- આપેલ અને આ હિતેનભાઈ વિરુઘ્ઘ ફરીયાદીએ CC NO.544/2022 તથા CC NO.496/2022 થી ફરીયાદો દાખલ કરેલ છે જે આંક-૫૩ તથા ૫૪ થી આરોપી તરફે રજૂ કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદીએ તા.૦૩/૦૫/૨૦૨૩ ના રોજ રૂા.૪,૦૦,૦૦૦/- નયનભાઈ જયંતીભાઈ ભલસોડાનાઓને મીત્રતાના દાવે વગર વ્યાજે આપેલા અને નયનભાઈ વિરુઘ્ઘ ફરીયાદીએ CC NO.6527/2023 થી ફરીયાદ દાખલ કરેલ છે જે આંક-૫૫ થી આરોપી

તરફે રજૂ કરવામાં આવેલ છે. વધુમા આ કામના ફરીયાદીએ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ રૂા.૧,૬૦,૦૦૦/- કિશનભાઇ નિતીનભાઇ ચાવડાનાઓને મીત્રતાના દાવે વગર વ્યાજે આપેલા અને આ કિશનભાઇ વિરુઘ્ધ ફરીયાદીએ CC NO.359/2024 થી ફરીયાદ દાખલ કરેલ છે જે આંક-૫૬ થી આરોપી તરફે રજૂ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના ફરીયાદીએ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ રૂા.૧,૫૦,૦૦૦/- હરદેવભાઇ હરેશભાઇ બારડનાઓને મીત્રતાના દાવે વગર વ્યાજે આપેલા અને આ હરદેવભાઇ વિરુઘ્ધ ફરીયાદીએ CC NO.389/2024 થી ફરીયાદ દાખલ કરેલ છે જે આંક-૫૭ થી આરોપી તરફે રજૂ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના ફરીયાદીએ તા.૨૫/૦૮/૨૦૨૩ ના રોજ રૂા.૨,૮૦,૦૦૦/- મહેશભાઇ ખીમજીભાઇ પરમારનાઓને મીત્રતાના દાવે વગર વ્યાજે આપેલા અને આ મહેશભાઇ વિરુઘ્ધ ફરીયાદીએ CC NO.475/2024 થી ફરીયાદ દાખલ કરેલ છે જે આંક-૫૮ થી આરોપી તરફે રજૂ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના ફરીયાદીએ તા.૨૫/૦૮/૨૦૨૩ ના રોજ રૂા.૩,૦૦,૦૦૦/- કેતનભાઇ જગદીશભાઇ સેજપાલનાઓને મીત્રતાના દાવે વગર વ્યાજે આપેલા અને આ કેતનભાઇ વિરુઘ્ધ ફરીયાદીએ CC NO.479/2024 થી ફરીયાદ દાખલ કરેલ છે જે આંક-૫૯ થી આરોપી તરફે રજૂ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદીએ સને ૨૦૨૧ થી સને ૨૦૨૩ સુધી જુદી જુદી વ્યક્તિઓને પોતાની કાયદેસરની આવક કરતા વધુની રકમ હાથ ઉછીની મીત્રતાના નાતે આપેલ હોવાનું જણાઇ આવેલ છે જે શંકા ઉપજાવે છે કે ખરેખર ફરીયાદી દ્વારા પોતાની કાયદેસરની જાહેર કરેલી આવકમાંથી હાથની ઉછીની રકમ આપેલ છે કે કેમ.

વધુમાં સને ૨૦૧૭ થી સને ૨૦૨૩ દરમ્યાન આ કામના ફરીયાદીએ જુદી જુદી વ્યક્તિઓને કુલ રૂા.૩૧,૧૭,૦૦૦/- જેટલી રકમો હાથ ઉછીની મીત્રતાના નાતે લોકોને આપેલ છે તો આ હકીકત જોવામાં આવે તો આ કામના ફરીયાદી કાયદેસર રીતે પોતાનું ઇન્કમ ટેકસ ભરતા હોવનું જણાવે છે અને તે ઇન્કમ ટેકસમાં પોતાની વાર્ષિક આવક

રૂા.૪,૦૦,૦૦૦/- ઉપરાંત હોવાનું જણાવેલ છે તો કોઈપણ સામાન્ય વ્યક્તિ માની શકે નહી કે રૂા.૪ લાખની વાર્ષિક આવક ધરાવતા વ્યક્તિ દ્વારા જુદી જુદી વ્યક્તિઓને આટલી મોટી રકમ ટુંકા ટુંકા સમયગાળામાં મીત્રતાના નાતે આપેલ હોય આ તમામ હકીકત અત્રેની અદાલતને શંકા ઉપજાવે છે કે ખરેખર ફરીયાદી દ્વારા પોતાના કાયદેસરના નાણાંના સ્ત્રોતમાંથી આરોપીને તકરારી ચેક મુજબની રકમ આપેલી કે કેમ કારણ કે ફીરયાદીની નાણાં મીત્રતાના નાતે આપવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદનું આ વર્તન શંકા ઉપજાવે છે કે ફરીયાદીએ ગેર કાયદેસરના નાણાંનો ઉપયોગ કરીને આરોપીને આપેલ છે અને આ નાણાં રીકવર કરવા માટે કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ કરેલ છે. આ કામના ફરીયાદી પોતે વિશ્વસનીય નાણાંનો સ્ત્રોત ધરાવતા હતા તેવા કોઈ પુરાવા હાલના કામે રજૂ કરેલ નથી. જેના પરીણામે આરોપીએ સંભાવનાના ધોરણે કલમ ૧૧૮ તથા ૧૩૯ હેઠળની કાયદાકીય ધારણાનું ખંડન કર્યુ હોવાનું અત્રેની અદાલતનું માનવુ છે.

એકવાર ધારણાનું ખંડન થઈ જાય ત્યારબાદ ફરીયાદી ઉપર કાયદેસર વસુલ પાત્ર દેવુ વાજબી શંકાથી પર સાબિત કરવાનો ભાર આવે છે પરંતુ ફરીયાદી પોતાના કાયદેસરના નાણાંનો સ્ત્રોત, અનેક વ્યક્તિઓને ટુંકા સમયગાળામાં લાખો રૂપીયાની હાથ ઉછીની રકમ આપવાની ક્ષમતા અને હાલનો વ્યવહાર ખરેખર મીત્રતાના આધારે થયેલ હતો તે બાબત વિશ્વસનીય રીતે સાબિત કરવામાં ફરીયાદી નીષ્ફળ ગયેલ છે. વધુમાં નમદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા Basalingappa VS Mudibasappa (2019) 5 SCC 418 ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે (૧) એકવાર ચેક તથા સહી સ્વીકારઈ જાઈ ત્યારબાદ કલમ-૧૧૮ તથા ૧૩૯ હેઠળ ધારણા ઉભી થાય છે. (૨) આરોપી ધારણાનું ખંડન માત્ર સંભાવનના ધોરણે કરી શકે છે. (૩) આરોપી માટે પોતાનો અલગ પુરાવો રજૂ કરવો જરુરી નથી. (૪) ફરીયાદીના પુરાવા, ઉલટતપાસ તથા કેસના સંજોગોના આધારે પણ ધારણાનું ખંડન થઈ શકે છે. (૫) એકવાર

ધારણાનું ખંડન થઇ જાય ત્યારબાદ કાયદેસર વસુલ પાત્ર દેવુ નિ:શંકપણે સાબિત કરવાનો ભાર ફરીથી ફરીયાદી ઉપર આવે છે.

આથી સ્પષ્ટ થાય છે કે, ફરીયાદીએ પોતાની જાહેર કરેલ આવકની સરખામણીમાં મોટા પ્રમાણમાં રોકડ નાણાં ધીરવા માટે જરુરી નાણાંનો કાયદેસરનો સ્ત્રોત, રોકડ ઉપલબ્ધતા, બેંકમાંથી ઉપાડ, બચત અંગેના કોઇ પુરાવા રજૂ કરેલ નથી તથા ફરીયાદીએ પોતે બેંક માંથી લીધેલ લોનોના ઉતારા જોતાં જણાઇ આવે છે કે આ કામના ફરીયાદી વિશ્વસનીય દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં નીષ્ફળ ગયેલ છે. ફરીયાદી દ્રારા દર્શાવવામાં આવેલ કાયદેસરના લેણાનું અસ્તીત્વ સ્વાભાવિક અને વિશ્વસનીય હોવાનું અત્રેની અદાલતને જણાતુ નથી અને જયારે ફરીયાદીના લેણાનું અસ્તીત્વ કાયદેસરનું જણાતુ ન હોય અને ફરીયાદી ઇન્કમ ટેકસ રીર્ટનમાં વાર્ષિક આવક રૂા.૪ લાખ ઉપરાંત હોવાનું જાહેર કરતા હોય તો તેવા સંજોગોમાં આ કામના ફરીયાદી આરોપીને રૂા.૨,૦૦,૦૦૦/- આપવાની કેપેસીટી ધરાવતા નથી તેવું અત્રેની અદાલતનું માનવુ છે અને આ કામના ફરીયાદી કાયદેસરના નાણાનો સ્ત્રોત પણ ધરાવતા નથી તેવુ જણાઇ આવતું હોવાથી આ કામના આરોપીને સજા કરવાનું યોગ્ય જણાતુ ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

(૧) આરોપી પાર્થ જનકભાઇ ચૌહાણ, ઉ.વ.આ. ૨૪, ધંધો.વેપાર, રહે. મોચી શેરી, તા.જી.મોરબીનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ: ૧૩૮ના ગુન્હા સબબ અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ: ૨૭૮(૧) તથા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૫ (૧)અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમા કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ–૪૩૭(એ) તથા બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબના અપીલ સમય સુધીના રૂપિયા ૧૫,૦૦૦/– ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૦૬/૦૮/૨૦૨૬

સ્થળ :– મોરબી

(શબાનાબાનુ અબ્દુલરઝાક મેમણ)
બીજા એડિશનલ સિવિલ જજ અને
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,મોરબી.
(U.I.C.NO. GJ01567)

AUG